છોકરાંઓના ઉપયોગ શારૂ.

કરાંણીવાળો

ગુજરાતી ભાષાનો નવી લેખણ કળાનો ખરડો.

સુધારેલી ચોથી આવૃત્તિ.

ફોર્ટ
પારસીબજાર સ્ટ્રીટ
મુંબાઈ

નિશાળ ______________________ વર્ગ ______________________

ભણનાર ______________________ શિક્ષક ______________________

શરૂ કર્યો ____________ ૧૯____ પુરો કર્યો ____________ ૧૯____

(આ ખરડો સને ૧૮૯૭ના ૨૫ માં આક્ટ પ્રમાણે રજીસ્ટર કરાયા છે.)

કિંમત આના બે.

અ આ ઇ ઈ ઉ ઊ એ ઐ

ઓ ઔ અં અ:

ક ખ ગ ઘ ઙ; ચ છ જ ઝ ઞ;

ટઠડઢણ;તથદધન;

પફબભમ;યરલવ;

શષસહ;ળક્ષજ્ઞ.

કેળવણીનું ફલ મીઠું છે.

ભોદાથી બીહતાં રેહેને.

તમારીદ્યાનતપાખરાખને.

ઈનસાફની રાહે ચાલને.

બંદગીમાં મશગુલ રેહેને.

દુઃખીઓને સહાય થને.

કેળવણીનોફેલાવોકરજો.

સારામાણસોનેમદદઆપજો.

ડાહ્યાંમાણસોનીસલાહલેજો.

જીંદગીએએકમુસાફરીછે.

દરદો મટાડેલાં મટેછે.

કદી ગોસ્સો કરવોનહી.

ઈશ્વર સર્વ ઠેકાણે છે.

તમારાં હસ્તખત સુધારો.

કુમળો વાંસ વાળે તેમ વળે.

સભગનોભંદલોસાહેબઆપે.

ફરજડગેઅદાપારપાડેઓદા.

ગણીનુંગજઆબાદરેહેને.

અસલી ઈરાનીઓ ઘણા દેશહિતકારી હતા. તેઓ પોતાના પાદશાહને ઘણું માન આપતા તથા તેને ચાહાતા હતા. તેઓ પોતે પેહેલવાનો તથા સિપાહોમાં અપવું ઘણું માન ભરેલું સમજતા હતા, તથા પોતાનાં બચ્ચાંને બાળપણથીજ સાચ્યું બોલતાં, ઘોડે બેસતાં, અને તીર મારતાં શિખવતા હતા. તેઓ સ્ત્રીઓનો મલાજો જાળવતા હતા, તથા તેઓને સારી તરબીયત આપતા હતા. તેઓની સ્ત્રીઓ પણ બહાદૂર તથા હિંમતવાન હતી. તેઓમાં આપણી

મુવાફેક બાળલગ્નનો રેવાજ હતો નહીં; પણ છોકરો તથા છોકરી બન્ને પોતાની ઉમરે પુગી પોતાને મન ગમતું જોડું પસંદ કરતાં હતાં. ઈરાનીઓ હમેશાં સાચ્યું બોલવાને ઘણું ચ્યાહતા હતા. તેઓમાં "નબળાઓને બંચાવી લેવાનો ઘણો ઉત્તમ ખવાસ હતો. તેમજ નમનતાઈ, દયા, હિંમત તથા સખાવતના ગુણો એક સરખી રીતે હતા."

(બી. બ. બે. પટેલની ઈરાનની મુખતેસર તવારીખમાંથી.)

ભરતખંડના લોકોની નીતિ અને સંસારી હાલત અને મતો

સંબંધી હમણાં જે સુધારો થવા માંડ્યો છે તેનું બી રામમોહનરાય-

ના વખતમાં રોપાયું. એ સુધારાનાં બીથી ઉગી નિકળતાં ઝાડને

હમણાં કોમળ ન્હાની ન્હાની ડાળીઓ આવી પાંદડીઓ ફુટવા

લાગી છે. માટે તેને જો આપણે પાણી છીપી ઉછેરીયે તો, આગળ

જતાં તે ઝાડ મોટું થઈ સર્વ દેશમાં પસરશે, અને જો કદાપિ તેનાં

મધુર ફળ આપણા ચાખવામાં નહીં આવે તો આપણી આવતી પ્રજાનાં ચાખવામાં આવશે. — પણ આજસુધી જે સુધારો થયો છે, તે કંઈજ નથી; કેવળ સુપ્રકાશનો ઉદય માત્ર થયો છે. સુધરેલાંની સંખ્યા ઘણીજ થોડી, અને વળી તેમાં ઘણાં ખરાનાં મનમાં પ્રકાશ અને અંધઃકાર, સત્ય અને અસત્ય એ સઘળાંનું ગોંધળ થઈ ગએલું દેખાય છે.

(રાજા રામમોહનરાયના ચરિત્રમાંથી)

" ઈંગ્લાંડના લોકો, તેઓના દેશમાં જે પારકા શખ્સો જાય છે, તેઓને સારૂં આદરમાન આપેછે; તથા તેઓને ઉપકારી કરવાને હમેશાં આતુર રહે છે. આ વાત જેઓ આ દિન સુધી એ દેશખાતે જઈ આવ્યા છે તેઓ કબુલ કર્યાવિના રેહેશે નહીં. કોઈબી ઠેકાણે કાંઈ હરકત આવી પડી તો પારકો શખ્સ જાણી આપણી મદદે ઘણાં જણ આવશે. જો કોઈ તમાશો અથવા મેળો જોવા આપ-

ણે ગયા હોઈએ અને ત્યાં ભીડ ઘણી હોય, તો પણ આપણને પા-
રકા શખ્સ જાણી તરત લોકો રસ્તો આપેછે, અને સારી જગ્યા પ-
ણ આપેછે. કારખાનાં તથા બીજાં ઠેકાણાં આપણને દેખાડવા-
માં તેઓ પોતાને માંન સમજે છે. અને એ મીસાલે સઘળી તરફ-
થી આપણને આદરમાંન સાથે ઉપકારી કર્યામાં આવેછે."


(મી૦ ડો૦ ફરામજી કરાકાની ગ્રેટ બ્રિટનની મુસાફરીમાંથી.)

ઈશ્વરનાં સર્વ કામોમાં તેની આગાહી બહુ અજબ છે. તેનો
ઉદ્દેશો બહુ બુલંદ છે. તે સૃષ્ટિઉપર અમલ અને હકુમત ચલા-
વવામાં બેહદ ડાહપણ વાપરે છે. આ દુનિયાંનું રાજ્ય સમાધા-
નીથી ચલાવવાને તેણે કાયદાઓ સ્થાપેલા છે, અને નિયમો બાં-
ધેલા છે. તે કાયદાઓ સર્વ પ્રાણીઓમાં અન્નયજ નેવી રીતે જુ-
દી જુદી તરાંહમાં મુકેલા છે, અને દરેક જણ કુદરતથી આપો-

આપ તેની મરજીને માન આપી કબુલ કરે છે. તેનાં મગજની ઉંડાઈમાં સર્વ જ્ઞાન અને સર્વ સમજણ સમાયલાં છે. ભવિષ્યનો સર્વ ભેદ તેની આગળ ઉઘાડો છે. તારાં દિલના સર્વ વિચાર અને તારાં મનનો મનસુબો તેની આગળ ખુલ્લો છે, એટલુંજ નહીં; પણ તારાં દિલમાં તું એક ઠરાવ કરે તેની આગમજ તેને તે ખબર પડી ચુકે.

(મી. ડો. ફ. રાંદેલીઆની જીંદગી ભોગવવાની જુગતી માંથી.)

મુંબઈમધે [illegible] છાપખાનામાં છપાયું છે.



કરાંણીવાલો.

ગુજરાતી નવી લેખણ કળાનો ખરડો

લખાવવાની રીત.

આ ખરડામાં દર સફામાં એક જીનું પાનું મુકેલું છે, તે ઉપર જ્યાં સુધી નવા લખનારનાં ધ્યાનમાં દરેક
અક્ષરની વળાણ આવે ત્યાં સુધી ખાલી કલમે ઘુંટાવવું; ત્યાર પછી એજ જીનાં પાના પર સાહીએ લખાવવું
એથી બાળકોનાં ધ્યાનમાં દરેક અક્ષરની વળાણ સરસ રીતે આવી જશે અને એ પછી એજ ખરડા ઉપરથી
નોટને બીજી [illegible] પુરુ લખાવવું એ રીતે પેહેલે ઘુંટાવી પછી જીનાં પાના પર લખાવીને પછી બીજી
બાળકોને લખતાં ઘણું સરળ પડશે તેમજ અક્ષર પણ ઘણાં સરસ રીતે સુધરશે.